વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

JUNE -2024

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના સમાધિ દિને
# (જેઠ વદ ૧૦)
# તેમના ચરણોમાં કોટી કોટી વંદન




શિષ્ય ગુરુનો ઉપકાર વ્યક્ત કરે અને તે અર્થે વંદન નમસ્કાર આદિ ભાવોથી ગદ્ગદ્ થાય તે પ્રસિદ્ધ છે, પરંતુ શ્રી સૌભાગ્યભાઈની પાત્રતા કેવી આશ્ચર્યકારક સમજવી કે ગુરુ સ્થાને બિરાજમાન એવા કૃપાળુદેવે તેમનો ઉપકાર ગાઈને વંદન અને ચરણસ્પર્શ આદિ ભાવો વ્યક્ત કર્યા છે!!!


– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૮, વર્ષ–૨૬, જૂન–૨૦૨૪


**શ્રાવણ સુદ ૯, મંગળવાર, તા.૨૬–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૪થી૧૦૫ પ્રવચન–૪૪**





સંસારનાં પર્યાયોનો કાળ અશુદ્ધ કે સાધક, એનો કાળ બહુ થોડો છે. અશુદ્ધનો અનંત સાધકનો અસંખ્ય અને સાધ્યપૂર્ણ દશાનો અનંત.. અનંત.. અનંત.. દ્રવ્યનો અંત કે દિ' આવે? દ્રવ્યનો અંત નથી તો પર્યાયનો અંત કે દિ' (આવે)? એમ ને એમ, એમ ને એમ પર્યાય.. પર્યાય.. પર્યાય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. એવા અનંતા સિદ્ધો. એક સમયની દશાવાળું સિદ્ધપદ, એવી અનંતી સિદ્ધપદ (ની પર્યાય) એક સમયમાં આત્મામાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ?

મોટી દ્રષ્ટિએ મોટો ભગવાન હાથમાં ન આવે ત્યાં સુધી એની રમણતા ક્યાં કરવી એની ખબર પડે નહિ. સમજાણું કાંઈ? મોટી દ્રષ્ટિએ એટલે? સમ્યગ્દ્રષ્ટિ મહાન દ્રષ્ટિ છે, મહાન દ્રષ્ટિ છે. એ દ્રષ્ટિ વડે પરમાત્મા આવો છે એમ એનાં અંતરમાં પ્રતીત, શ્રદ્ધા, અનુભૂતિમાં ભાન થઈને આવ્યું પછી આમાં રમણ કરવું છે ત્યારે મારી મુક્તિ થશે. સમજાણું કાંઈ ?

૮૦મી ગાથામાં કીધું ને? **'जो जाणदि अरहंतं'** પછી 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે કે, સમ્યગ્દર્શન (થયું) પણ આ પ્રમાદ ચોર છે, હોં! એ મારો માલ ન લૂંટી (જાય). એમાં એમ લખ્યું છે. એ પ્રમાદ ચોર છે, હોં! એ કહે છે કે, મને ભાન થયું ભલે પણ આ પ્રમાદ મારું લૂંટી ન જાય માટે હું સાવધાન થઈને સ્વરૂપની સાવધાની કરું છું. પ્રમાદ ટાળીને પુરુષાર્થની કેડ બાંધીને બેઠો છું. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે કહે છે, ધર્માત્મા જીવે ધર્મી આત્મા એવો ભગવાન એનું એણે ધ્યાન, ધર્મધ્યાન કરવું, લ્યો! આનું

નામ ધર્મધ્યાન. 'છોટાભાઈ'! આ બધું ઝીણું છે, હોં! ન્યાં બધું ક્યાંય (નથી), સાંભળવા માંડ માંડ મળ્યું. આહાહા..! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગની વાણી આવી, એમાં આ તત્ત્વ આવ્યું છે, ભાઈ! 'કેવળી પણત્તો ધમ્મો શરણં', 'કેવળી પણત્તો ધમ્મો ઉત્તમ'. 'મંગલિક'(માં) ત્રણ બોલ આવે છે. ચત્તારિ મંગલ, ચત્તારિ ઉત્તમ, ચત્તારિ શરણં. એ બધું ભગવાન! એ શરણ તારા આત્મામાં પડ્યું છે, એમ કહે છે. ભાઈ! આત્મા તારું શરણું (છે). એ વખતે ક્યાં આમ ઝાંવા નાખે? રોગ આવ્યો ને ન્યાં ક્યાં નજર નાખી? ભગવાનને સંભારીશ? એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? ન્યાં ક્યાંય શરણ નહિ મળે. ભગવાન ભગવાન ભગવાન ભગવાન ભગવાન. ભગવાન ભગવાન કર્યું હશે તો એ અંતર્જલ્પનો રાગ છે. ભગવાન અંદર રાગ વિનાનો તારો છે, એનું શરણ લે ત્યારે એણે ખરું અરિહંત ને સિદ્ધનું શરણ લીધું એમ કહેવામાં આવે છે. ૧૦૪ (ગાથા પૂરી) થઈ. ૧૦૫.

**આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે**

**सो सिउ संकरु विण्हु सो सो रुद्द वि सो बुद्धु।**
**सो जिणु ईसरु बंभू सो, सो अणंतु सो सिद्धु**
**।।१०५।।**

**તે શિવ, શંકર, વિષ્ણુ ને, રુદ્ર, બુદ્ધ પણ તે જ;**
**બ્રહ્મા, ઈશ્વર, જિન તે, સિદ્ધ, અનંત પણ તે જ. ૧૦૫.**

**અન્વયાર્થ : (सो सिउ संकरु विण्हु सो) તે જ શિવ છે, શંકર છે, તે જ વિષ્ણુ છે (सो रुद्द वि सो बुद्धु) તે જ રૂદ્ર છે, તે જ બુદ્ધ છે (सो जिणु ईसरु बंभू सो) તે જ જિન છે, ઈશ્વર છે, તે જ બ્રહ્મા છે (सो अणंतु सो सिद्धु) તે જ અનંત છે, તે જ સિદ્ધ છે.**

---

**'આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે.'** અન્યમતિ કે ઈ નહિ, હોં! અર્થ જુદા. આ તો બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ. આવો આત્મા તેને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહીએ. એ લોકો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહે છે એ આત્મા એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ઘણો ફેર છે, વસ્તુમાં તો આખો (ફેર છે). કાલે જોયું હતું, નહિ? 'સમયસાર'માં પ્રસ્તાવનામાં 'મનોહરલાલજી વર્ણી'એ બહુ લખ્યું કે બધામાં વિરોધ નથી. પરમાત્મા માનતા હોય, ફલાણું માનતા હોય, છે ને? એની પ્રસ્તાવના છે. બધા વિવેકી છે, પ્રજ્ઞાપૂર્ણ છે અને એકબીજાથી કોઈ વિરુદ્ધ નથી, એમાં કોઈ અસત્ય નથી.

અહીં તો કહે કે, ભગવાને જોયો આત્મા એવો કોઈ દિ' ત્રણકાળમાં બીજે ઠેકાણે નથી. આત્માની ભલે વાતું કોઈપણ કરે. સમજાણું કાંઈ? ક્યાં ગયુ પુસ્તક? એમાં આવ્યું છે. બધાનો ધ્યેય સમયસાર છે, એનો અર્થ શું? 'સમયસાર' એટલે આત્મા છે જ ક્યાં આવો? **'શશીભાઈ'!** કેમ હશે? આ વૈષ્ણવ હતા, લ્યો ને!

આત્મા એક, એમાં આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતા અનંતા ગુણો. એની અનંતી પર્યાય, એના અસંખ્ય પ્રદેશ. ક્યાં છે? લાવો, કોઈ ઠેકાણે આત્મા એવો હોય તો. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ભલે આત્મા ધ્યેય ધ્યેય કરે, વાતું કરે પણ આત્મા કેવો છે એ જાણ્યા વિના ધ્યેય ક્યાંથી આવ્યું એને? સમજાણું કાંઈ?

લખ્યું છે, જોયું? 'कुछ विवेकी महानुभावो की धारणा है कि जिस परमब्रह्म परमेश्वरने अपनी सृष्टी की है। उस परम पिता परमात्मा ही उपासनासे दुःखो की मुक्ति हो सकती है। कुछ विवेकी महानुभाव की धारणा है...' અહીં બ્રહ્મા, વિષ્ણુ નામ પડ્યા છે એટલે એમ ન સમજવું કે ઓલા લોકો કહે છે ઈ બ્રહ્મા, વિષ્ણુ. 'कोई विवेकी कहते हैं कि प्रकृति और पुरुषमें एकत्वका अभ्यास होने से क्लेश एवं जन्म परंपरा हुई है तो प्रकृति और पुरुषका भेदज्ञान कर लेने से क्लेश मिट जाय। कुछ विवेकी महानुभावके धारणा एक क्षणिक चित्त वृत्ति है।' એનું પણ આત્માનું ધ્યાન કરે છે. 'कुछ विवेकी महानुभाव की धारणा है कि आत्मा तो शाश्वत निर्विकार है। विकार का जब तक भ्रम है तब तक जीव दुःखी है। ... विकारका भ्रम समाप्त शांत ...। कुछ

विवेकी महानुभावोकी धारणा हैं कि दुष्कर्मों से जीव संसारीक यातनाये सहते हैं। यातनाओं का मुक्ति पाना सत् कर्म (है)। और कुछ विवेकी महानुभावोकी धारणा है कि विकल्पात्मक वेद उपायों को ही जीवका संसार परिभ्रमण कर रहा है। इस भवभ्रमण की निवृत्ति निर्विकल्प समाधि से होती है। इत्यादि प्रज्ञापूर्वक अनेक धारणा हैं। इनमें से किसी भी धारणा को असत्य नहीं कहा जा सकता और यह भी नहीं कहा जा सकता कि इनमें कोई भी धारणा किसी दूसरे से विरुद्ध है। इन सब धारणाओं का जो लक्ष्य है वह सब एक ही है–' આ 'સમયસાર'. બિલકુલ વાત ખોટી છે. આ છેલ્લે ભૂમિકામાં લખ્યું છે. આ 'દિલ્હી'થી છપાણું છે ને?

ભાઈ! આ આત્મા જે કહેવાય છે એ આત્મા તો ક્યાંય વેદાંત કહો કે બીજા કહો કે લાખ વાત કરે.. આ આત્મા છે, અસંખ્ય પ્રદેશ જેનું ક્ષેત્ર. વસ્તુ એક, અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર, અનંતા અનંતાઅનંત ક્ષેત્રના પ્રદેશોનું માપ નથી, ક્યાંય હદ નથી તેથી અનંતા અનંતા ગુણો અને એટલી જ એની પર્યાયો. ક્યાં છે આવો આત્મા? લાવો! સમજાય છે કાંઈ? અજ્ઞાનીઓએ તો અસર્વાંશને સર્વાંશ માન્યું છે. આ તો સર્વાંશ આખી ચીજ આવી અખંડ છે. 'નેમચંદભાઈ'!

એથી અહીં કહે છે કે આ જે બ્રહ્મા આદિ શબ્દ પડ્યા છે ઈ એ નહિ. આવો જે આત્મા છે એ જે પાંચ પરમેષ્ઠીપણે પરિણમે એને જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહેવામાં આવે છે. આહાહા..! કેટલાક ઈ ભ્રમમાં પડી જાય છે કે, ઓલાએ તો આમ કીધું છે, 'ભક્તામર સ્તોત્ર'માં કહ્યું છે. શું આવે છે? વિબુધ બુધ, એવું આવે છે. તમે બુદ્ધ કહો છો. પણ એ બુદ્ધ એટલે આ સ્વરૂપે છે તેને બુદ્ધ કહે છે. ઓલા બુદ્ધને અહીં બુદ્ધ કહે છે એમ નથી. સમજાણું?

તેથી આચાર્ય લે છે, જુઓ! **'सो सिउ संकरु विण्हु'** **'सो'** શબ્દ વાપર્યો છે પહેલો. તે જ આત્મા, આ જે આત્મા પહેલો કહ્યો, પંચ પરમેષ્ઠીના સ્વરૂપે ધ્યાન કરવા યોગ્ય, એવું કહ્યું **'सो सिउ, सो संकरु, सो विण्हु सो सो रुद्द वि सो बुद्धु, सो जिणु ईसरु बंभु सो, सो अणंतु सो सिद्धु'** જુઓ! આચાર્યે એક એક શબ્દ **'सो'** શબ્દ કરીને મૂક્યું છે. પાછું બ્રહ્મા, વિષ્ણુ તે આત્મા, એમ નહિ. આવો જે આત્મા કહ્યો... સમજાણું કાંઈ?

અરે.. ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ છે. ભગવાને જોયું માટે કાંઈક કહ્યું બીજું ને જોયું બીજું, એમ નથી. એવી ચીજ જ છે. અનાદિ સ્વભાવના છ પ્રકારના સ્વભાવના પિંડ તે છ દ્રવ્ય છે. છ પ્રકારના સ્વભાવના પિંડ છ દ્રવ્ય. એવી અનાદિ વસ્તુ છે. એનો એક એક આત્મા અનંત અનંત ગુણનો પિંડ (છે). અનંત અનંત કોને કહે? આહાહા..! આકાશ આકાશ આકાશ આકાશ આકાશ ક્યાંય 'છે' માંથી 'નહિ' આવે, એમ નહિ. તેથી અનંતગુણા ગુણ. ક્ષેત્ર આટલું એમ ન લ્યો. ક્ષેત્ર ભલે આટલું હોય. ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી. એના ગુણોની, અહીં જેમ પ્રદેશનો ક્યાંય અંત નથી, આ એનાથી અનંતગુણા (ગુણ છે) એના અંતને શું કહેવું? એવા અનંતા અનંત ગુણનું સ્વરૂપપિંડ ભગવાન, એનું નિર્મળ પરિણમન થવું એને અહીંયાં ખરેખર આત્મા કહે છે. સમજાણું કાંઈ?

**'તે જ શિવ છે,...'** એમ શબ્દ પડ્યો છે ને? જુઓ! **'તે જ શિવ છે,...'** શિવ આ છે, એમ નહિ. શિવ જે દુનિયામાં કહેવાય છે તે આત્મા, એમ નહિ. આવો આત્મા તેને શિવ (કહે છે). ભગવાન! આમ વાત છે. સમજાણું કાંઈ? કેમકે શિવ એટલે નિરૂપદ્રવ કલ્યાણ સ્વરૂપ છે, **'તે કલ્યાણનો કર્તા છે. તેનું ધ્યાન કરવાથી આપણું હિત થાય છે.'** સમજાય છે? માટે આત્મા જ પોતે શિવ છે. પણ આવો આત્મા, હોં! આહાહા..!

એક સમયમાં દ્રવ્ય જે શક્તિવાન, દ્રવ્ય એટલે શક્તિવાન. શક્તિઓ અનંતાઅનંત અને એનું પરિણમન પણ જેટલા ગુણો તેટલી અનંતાઅનંત જેની એક સમયમાં પર્યાય. એક સમયમાં, હોં! આમ ત્રિકાળ એ જુદી વાત છે. એક સમયમાં અનંત ગુણની પર્યાયો કેટલી? કે, લોકના આકાશના, અલોકના આકાશના પ્રદેશથી પણ

એક સમયની એક જીવની અનંતગુણી પર્યાયો. સમજાણું કાંઈ? ગુણ જેટલા છે એનો દરેક સમયનો પર્યાય છે કે નહિ? 'पर्याय विजुत्तम् दव्वम्' અથવા 'पर्याय विज्जुतम् गुण' ન હોય. આહાહા..! સમજાણું કાંઈ?

આત્માને શિવ કહીએ. કેમકે કલ્યાણનો કર્તા છે. એનાથી આ આત્માનું પૂર્ણ સ્વરૂપ એનું શ્રદ્ધા, જ્ઞાન ને ધ્યાન કરવાથી કલ્યાણ થાય છે માટે આ આત્માને શિવ કહેવામાં આવે છે. બીજો જગતનો શિવ કહે છે એ નહિ.

એ શંકર કહેવામાં આવે છે. આનંદનો લાભ દેવાવાળો આત્મા છે. ભગવાનઆત્મા આવા અનંત ગુણવાળો પરમાત્મા પોતે સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એવો આત્મા. એ આત્માને અહીં શંકર કહેવામાં આવે છે. શંકર કહે છે તે આ આત્મા, એમ નહિ. આવા આત્મામાં અનંત ગુણનો પિંડ પ્રભુ એનું ધ્યાન કરવાથી આત્મામાં અતીન્દ્રિય આનંદ સુખ પડ્યું છે તે દશામાં આનંદની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, જ્ઞાન થતાં થાય છે. માટે તે આત્માને શંકર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તે વિષ્ણુ (છે). સમજાણું? **'તે કેવળજ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોકના જ્ઞાતા હોવાથી સર્વ–વ્યાપક છે.'** આ અપેક્ષા વ્યાપક, હોં! આમ ક્ષેત્રથી નહિ. ભગવાન જ્ઞાન... 'પ્રવચનસાર'માં લીધું છે ને? જ્ઞેય પ્રમાણે જ્ઞાન. જ્ઞેય લોકાલોક. (ગાથા ૨૩) **'आदा णाणपमाणं णाणं णेयप्पमाण'** અને જ્ઞેય લોકાલોક. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં 'કુંદકુંદાચાર્યે' ઘણું મૂક્યું છે, બહુ મૂક્યું છે. 'સમયસાર' (આદિમાં) તત્ત્વોથી ભરેલા ઢગલા પડ્યા છે. ક્યાંય ગોતવા બહારના કોઈના આધાર લેવાની જરૂર નથી, એટલું ભર્યું છે અંદર. સમજાણું કાંઈ?

વિષ્ણુ આને કહીએ. એના એક જ્ઞાનની દશાના પ્રગટ વિકાસમાં એની ગુણની શક્તિ જ એવી છે કે લોકાલોકને જાણવાની તાકાત રાખે છે. એ પ્રગટ દશા લોકાલોકને પહોંચી વળે છે. જાણવા માટે, હોં! ક્ષેત્રે પહોંચી વળે છે કે એની પર્યાયમાં ગરી જાય છે, એમ નથી. એ સંબંધીનું જ્ઞાન પૂરું પોતાના જ્ઞાનમાં આવી જાય છે એટલે એમ પણ આચાર્યે કહ્યું કે લોકાલોક વ્યાપક, એ જ્ઞાન જ્ઞેયગત છે અને જ્ઞેય જ્ઞાનગત છે. બન્ને વાત લીધી ને? 'પ્રવચનસાર'માં બેય લીધું છે. આ સમજાવવા. જેટલું જ્ઞેય લોકાલોક, એ જ્ઞાન જ્ઞેયગત છે, આ અપેક્ષાએ. ગરી નથી ગયું. જાણવાની અપેક્ષાએ (કહ્યું). અને જ્ઞાનમાં જ્ઞેય આવ્યા છે. જ્ઞાન જ્ઞેયગત છે, જ્ઞેય જ્ઞાનગત છે. લોકાલોક જ્ઞેય જ્ઞાનમાં જ્ઞાનપણાના પર્યાયમાં આવી ગયા છે. એ નહિ પણ એ સંબંધીનું જ્ઞાન, એ અપેક્ષાએ જ્ઞેય જ્ઞાનગત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું કેવળ અને એવો એનો ... એને ટૂંકો કરી નાંખવો કે, આવું કેવળ ન હોય, આમ ન હોય, ફલાણું ન હોય, ઢીંકણું ન હોય. કેવળજ્ઞાનમાં શંકા કરવા મંડ્યા, હોં! ભૂત, ભવિષ્યમાં આમ ન હોય, ફલાણું આમ ન હોય. ભગવાન! એ વસ્તુનો સ્વભાવ છે, ભાઈ! એમાં એવા ઊંધા તર્કને સ્થાન ન હોય. સવળા તર્કને સ્થાન હોય, શ્રુતજ્ઞાનરૂપી તર્કને (સ્થાન હોય). કહો, સમજાણું?

એને રુદ્ર કહેવામાં આવે છે. કેમકે રુદ્ર જેમ બીજાને ભસ્મ કરે છે એમ ભગવાનઆત્મા આઠ કર્મને ભસ્મ કરી નાખે. ભગવાનઆત્મા જ રુદ્ર છે. પેલો રુદ્ર તે આ નહિ પણ આ આત્મા તે રુદ્ર. સમજાણું કાંઈ? આઠે કર્મના ભૂકા! એનો અર્થ અવસ્થાની નબળાઈનો નાશ. એથી રજકણની પર્યાય આઠ કર્મની છે એનું રૂપાંતર એની પર્યાયમાં કર્મરૂપ જે અવસ્થા છે એ અવસ્થા રૂપાંતર થઈને સાધારણ જડની અવસ્થા, પુદ્‌ગલની અવસ્થા થઈ જાય છે ઈ આઠ કર્મનો નાશ (કર્યો), એમ કહેવામાં આવે છે. એ ભગવાનઆત્મા રુદ્ર છે. સમજાણું કાંઈ? 'શંકરે' ત્રીજી આંખે કામને બાળ્યો એમ આવે છે કે નહિ? ત્રીજી આંખે કામ (બાળ્યો). કામ તો અહીં છે, ન્યાં ક્યાં કામ હતો બહાર? સમજાણું કાંઈ?

**'बुद्ध'** એ બુદ્ધ પણ ભગવાન સાચો બુદ્ધ. એ સર્વ તત્ત્વોનો યથાર્થ જ્ઞાતા તે બુદ્ધ છે. **'કોઈ બૌદ્ધોને માન્ય બુદ્ધદેવ યથાર્થ સર્વજ્ઞ પરમાત્મા નથી.'** બુદ્ધ છે

એ સર્વજ્ઞ છે જ નહિ. એ તો સાધારણ પ્રાણી હતા. મિથ્યાત્વ હતું, અજ્ઞાન હતું, એકાન્ત મિથ્યાદ્રષ્ટિ હતા. એ લોકોને ગોઠતું નથી. કેટલાક કહે છે, અરર..! બુદ્ધ ભગવાન છે ને! ભાઈ! ભગવાન શેના પણ? સાંભળ ને! સમજાણું કાંઈ?

પરમાત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ આત્મા એ બુદ્ધમ્ નામ જ્ઞાન સ્વરૂપે પૂર્ણ પરિણમે છે અને એવી એવી અનંતી શક્તિઓ આત્મા રાખે છે માટે આ આત્માને બુદ્ધ કહેવાય. એવો આત્મા જ્યાં જેને પ્રતીતમાં નથી અને ક્ષણિકને જ આત્મા માને છે એ માન્યતા ખોટી, તદ્દન અજ્ઞાનભાવ છે, સંસારભાવ છે. સમજાણું કાંઈ?

'ગાંધીજી'એ 'શ્રીમદ્'ને પ્રશ્ન કર્યો છે કે, આ બૌદ્ધ છે એ મોક્ષ પામ્યા છે કે નહિ? ૨૭ પ્રશ્ન, ૨૭ પ્રશ્નો કર્યા છે. 'ગાંધીજી'ના વખતમાં ૨૭ પ્રશ્ન, ૨૭ મા વર્ષમાં છે. ૨૭ મા વર્ષમાં ૨૭ પ્રશ્ન છે. સમજાણું? તો એમણે કહ્યું કે, બૌદ્ધના લખાણ ને શાસ્ત્ર જોતાં એમની મુક્તિ હોઈ શકે નહિ. અને આ સિવાયનાં બીજા એમના અભિપ્રાય હોય તો આપણને જાણવા મળે નહિ ત્યાં સુધી આપણે કેમ કહીએ? પણ એમણે જે અભિપ્રાયો કહ્યા છે એ ઉપરથી તો એ મુક્તિને પામ્યા નથી. ૨૭ વર્ષમાં છે. સમજાણું?

બૌદ્ધ લોકોને એમ છે કે, આહાહા..! બહુ પરોપકારી હતા ને આમ હતું. એમ કહે છે ને લોકો? હેં? ૨૭ મું વર્ષ છે અને ૨૭ પ્રશ્ન છે. બૌદ્ધનું અહીં હશે. આર્ય ધર્મ શું બધાથી ઉત્પન્ન થયો છે? આર્ય ધર્મ શું છે? બધી ખબર છે. છે આમાં? જુઓ, જોઈ. બૌદ્ધ છે તે મોક્ષને પામ્યા નથી. એમના શાસ્ત્ર જોતાં એ કથનમાં એવો અભિપ્રાય છે કે એને મુક્તિ હોઈ શકે નહિ. અને એના બીજા કોઈ અભિપ્રાય હોય તો આપણને જાણવા મળ્યા નથી, જાણવા મળ્યા પછી એનું આપણે પ્રમાણ ને નક્કી કરી શકીએ. છે, એમાં ક્યાંક છે. જુદું છે, ૨૭ માં છે ઘણું કરીને. લાવો, ઈ. બરાબર હવે આવ્યું.

(પ્રશ્ન-૨૦, પત્રાંક -૫૩૦) **'બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો?'** ૨૭ પ્રશ્નોમાં વીસમો પ્રશ્ન છે. **'તેના શાસ્ત્ર સિદ્ધાંતોને આશ્રયે. જે પ્રમાણે તેમનાં શાસ્ત્ર સિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય...'** એમની શૈલી એવી હતી. **'તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે; અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી. સંપૂર્ણ જ્ઞાન જ્યાં ન હોય તો સંપૂર્ણ રાગ-દ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી. અને તેમના કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.'** લાવો, બીજા અભિપ્રાય શું હતા, ઈ લાવો. મોક્ષ એને છે નહિ. મોક્ષ ક્યાંથી લાવે? આ જગતમાં બહુ વધી જાય, આ માન્યતા કરોડો અબજોમાં (થાય) માટે ઊંચો છે, મોટો છે એમ કોણે કહ્યું? સમજાણું કાંઈ? બહુ એની માન્યતા છે ને! 'ચીન' ને બધે બહુ છે. શું છે પણ? સાધારણ વાત કરી છે.

**(શેષ આવતા અંકે.. )**


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (જૂન-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ સ્વ. છોટાલાલ છગનલાલ દેસાઈ તથા સ્વ. લલિતાબેન છોટાલાલ દેસાઈના સ્મરણાર્થે હ. કીર્તિભાઈ દેસાઈ, અમેરિકા તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# પૂજ્ય શ્રી સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈનું સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ગુણ સંકીર્તન!!



પરમ મહાત્મા પૂ.શ્રી સૌભાગ્યભાઈ મહાત્મા શ્રીમદ્ રાજચંદ્રની ભક્તિમાં એકલયે રહ્યા હતા. એવી જે તેમની ઉત્કૃષ્ટ ભક્તિ મુમુક્ષુ જીવ માટે આદર્શરૂપ છે. જે પરાભક્તિથી ગોપાંગનાઓ વાસુદેવની ભક્તિમાં હતી અને જે ભક્તિને લીધે આત્મા પરમાત્મામાં એકરૂપ થઈ જાય તેવી પરાભક્તિ તેઓશ્રીને પ્રાપ્ત હતી. તેમનામાં આત્માર્થીતા, સરળતા, લઘુતા આદિ અનેક ગુણો હતા. તથાપિ ઉપરોક્ત પરાભક્તિવશાત્ એક વિશિષ્ટ ગુણ તે હતો કે 'જ્ઞાનીના માર્ગ ઉપર ચાલવાનો તેમનો અદ્ભુત નિશ્ચય' જોઈને કૃપાળુદેવે આ ખાસ ગુણ પ્રત્યે (પત્રાંક-૭૮૩માં) મુમુક્ષુઓનું ધ્યાન ખેંચ્યું છે. તેમને પ્રાપ્ત પ્રત્યક્ષ જ્ઞાની કૃપાળુદેવ અને પરમાત્મામાં અંતર જ નહોતું. એવી સમ્યક્પ્રતીતિપૂર્વક કૃપાળુદેવ પ્રત્યે તેમને અચળ પ્રેમ હતો. જેને લીધે અંતે તેઓ જ્ઞાનદશાને પ્રાપ્ત થયા અને આ ભવના છેલ્લા ગણતરીના દિવસોમાં અનંત ભવનું છેદક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી એક ભવમાં અનંતભવની કમાણી કરી ગયા.

પૂ. શ્રી સૌભાગ્યભાઈના જીવન પરિચય અંગે સંક્ષેપમાં ઉલ્લેખનીય છે કે તેઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી કે જે સ્થિતિમાં સામાન્ય મનુષ્યને તો અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ કરવામાં જ પૂરી જિંદગી વ્યતીત થઈ જાય. તેમ છતાં તેમની આત્મકલ્યાણ અંગેની ઝંખના અસાધારણ હતી જે કોઈપણ મુમુક્ષુ માટે ગવેષણીય છે.

પરમ કૃપાળુદેવનો ભેટો થયા પછી તેમના પ્રત્યક્ષ સમાગમમાં રહેવા માટે તેમનો આત્મા હંમેશા ચિંતિત રહ્યા કરતો હતો. અને આ છ-સાત વર્ષના અંતિમ જીવન દરમિયાન તેઓ ૫૬૦ દિવસ જુદાં-જુદાં સ્થળે પ્રત્યક્ષ સમાગમમાં રહ્યા હતા. એમ કહી શકાય કે કૃપાળુદેવનો પ્રત્યક્ષ સમાગમ તે તેમના જીવનની એક પરિણતિ થઈ ગઈ હતી. અને કોઈપણ દિવસ એવો ખાલી નહિ ગયો હોય કે તેમને કૃપાળુદેવનું સ્મરણ ન થયું હોય. કૃપાળુદેવમાં જ તેમનો જીવ વળગેલો રહેતો હતો અને એ જ તેમની પરિણતિની ભજના હતી. અંતિમ અવસ્થામાં તેમણે જે ભાવો વ્યક્ત કરેલા તે તેમની પાત્રતાની ચરમસીમાને દર્શાવનારા છે. કૃપાળુદેવને તેમણે લખી જણાવેલું કે 'હવે રોગના કારણથી દેહ છૂટશે નહિ પરંતુ આપના વિયોગની વેદનાથી દેહ છૂટી જશે.' તે અગાઉ તેમણે અનેક પત્રોમાં અનેક પ્રકારે સાયલે પધારવા માટે વિનંતી કરેલી પરંતુ એમ લાગે છે કે વિયોગની વેદના તીવ્ર થવા અર્થે જ તેઓ સાયલે આવવામાં મોડું કરે જતાં હતાં. જ્યારે પૂજ્યશ્રી સૌભાગ્યભાઈના છેલ્લી હદના પાત્રતાના

પરિણામો જોયા કે તુરત જ તેઓ પ્રત્યક્ષ દર્શન માટે પહોંચ્યા અને ત્યાંથી 'બીજજ્ઞાન' દેવાના ખાસ પ્રયોજન અર્થે તેમને ઈડર લઈ ગયા. જેના ફળસ્વરૂપે ઈડરથી આવ્યા પછી તેમને નિર્વિકલ્પ પરમાર્થ ભવછેદક સમ્યક્દર્શનની–આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ થઈ હતી.

તેમની પાત્રતા વિશેષ માટે શબ્દો શોધ્યા જડે તેમ નથી. પરંતુ કૃપાળુદેવના શબ્દોમાં તે પોતાને માટે 'પેટ દેવા જોગ' હતા. કેટલાક પ્રસંગો તેમની અસાધારણ અને અચિંત્ય પાત્રતાના સંકેતરૂપે છે. જેમકેઃ-

(૧) જેમના પ્રથમ મિલનથી કૃપાળુદેવને આત્મજ્ઞાનના બીજભૂત જ્ઞાનની સ્મૃતિ થઈ. જાગૃતિ થઈ, થોડા દિવસોમાં જ આત્મસાક્ષાત્કાર થયો. જે આત્મામાં આવું અદ્‌ભુત અને આશ્ચર્યકારી નિમિતત્વ હોય તેની પાત્રતા માટે શું કહેવું ? ખરેખર આવી સુયોગ્યતા વચનાતીત છે.

(૨) ગુરુ સ્થાને બિરાજમાન એવા કૃપાળુદેવ તેમના સત્‌સંગને ચાહતા હતા, કે જેથી તે સત્‌સંગ યોગે સ્વયંના આત્મગુણ આવિર્ભાવ પામતા હતા.

(૩) તેમની પાત્રતા વિશેષને અનુલક્ષીને અનેક પત્રો લખતી વખતે ગુણ વાચક સંબોધનો લખ્યાં છે જે નીચે પ્રમાણે છે.

* સંવત ૧૯૪૬ના પત્રોમાં : 'આત્મવિવેક સંપન્ન', 'સૌભાગ્યમૂર્તિ સૌભાગ્ય.'

* સંવત ૧૯૪૭ના પત્રોમાં : 'પરમ પૂજ્ય', 'કેવળબીજ સંપન્ન', 'સર્વોત્તમ ઉપકારી', 'પરમ પૂજ્યશ્રી', 'જીવનમુક્ત', 'સૌભાગ્યમૂર્તિ', 'મહાભાગ્ય', 'શાંતમૂર્તિ', 'પરમ વિશ્રામ', 'સ્વમૂર્તિરૂપ સૌભાગ્ય.'

* સંવત ૧૯૪૮ના પત્રોમાં : 'સ્મરણીય મૂર્તિ', 'હૃદયરૂપ', 'આત્મસ્વરૂપે હૃદયરૂપ વિશ્રામ મૂર્તિ', 'સ્મરણરૂપ, મુમુક્ષુ પુરુષોએ અનન્ય પ્રેમે સેવન કરવા યોગ્ય, પરમ સરળ, અને શાંતમૂર્તિ એવા શ્રી 'સુભાગ્ય', 'મુમુક્ષુજનને પરમ હિતસ્વી, સર્વ જીવ પ્રત્યે પરમાર્થ કરુણાદ્રષ્ટિ છે જેની એવા નિષ્કામ, ભક્તિમાન શ્રી સુભાગ્ય.'

* સંવત ૧૯૪૯ના પત્રોમાં : 'મુમુક્ષુજનના પરમ વિશ્રામરૂપ', 'મુમુક્ષુજનના પરમ બાંધવ, પરમ સ્નેહી શ્રી સુભાગ્ય.'

* સંવત ૧૯૫૦ના પત્રોમાં : 'મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુ પુરુષ શ્રી સોભાગ', 'સત્સંગ યોગ્ય, પરમ સ્નેહી શ્રી સોભાગ', 'પૂજ્યશ્રી.'

* સંવત ૧૯૫૧ના પત્રોમાં : 'ઉપકારશીલ', 'આર્યશ્રી', 'શાશ્વત માર્ગનૈષ્ઠિક', 'સત્સંગ નૈષ્ઠિક', 'પરમાર્થ નૈષ્ઠિકાદિ ગુણસંપન્ન','પરમાર્થ નૈષ્ઠિક', 'આત્માર્થી.'

* સંવત ૧૯૫૨–૫૩ના પત્રોમાં : 'પરમ નૈષ્ઠિક, સત્સંગ યોગ્ય, આર્યશ્રી સોભાગ', 'આત્મનિષ્ઠ', 'પરમ ઉપકારી આત્માર્થી, સરળતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ.'

(૪) વચનામૃત ગ્રંથમાં, મુમુક્ષુ જીવોને પ્રયોજનભૂત એવું અદ્વિતીય તત્ત્વ જે કૃપાળુદેવના હૃદયમાં પડ્યું હતું તે પૂ. શ્રી સોભાગભાઈની પાત્રતાવશાત્ બહાર આવ્યું અને તે સમયના અને ભાવિ સમયના આત્માર્થીજીવો ઉપર અનંત ઉપકાર થયો. અતઃ તત્ત્વ નિરૂપણ અર્થે મુમુક્ષુ જગત ઉપર કૃપાળુદેવનો જેટલો ઉપકાર છે તેટલો જ ઉપકાર પૂ. શ્રી સૌભાગ્યભાઈનો છે.

(૫) શિષ્ય ગુરુનો ઉપકાર વ્યક્ત કરે અને તે અર્થે વંદન નમસ્કાર આદિ ભાવોથી ગદ્‌ગદ્ થાય તે પ્રસિદ્ધ છે. પરંતુ શ્રી સૌભાગ્યભાઈની પાત્રતા કેવી આશ્ચર્યકારક સમજવી કે ગુરુ સ્થાને બિરાજમાન એવા કૃપાળુદેવે તેમનો ઉપકાર ગાઈને વંદન અને ચરણસ્પર્શ આદિ ભાવો વ્યક્ત કર્યા છે!!! જે નિમ્ન પ્રકારે છે.

'' ..... હે શ્રી સોભાગ! તારા સત્‌સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો! '' (હાથનોંધ ૨/૨૦–પાના નં.–૮૨૪)

''....આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જીવાય છે.'' (પત્રાંક ૨૧૫–પાના નં. ૨૭૦)

''.....વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, તેવો વ્યવહારમાર્ગ છે, પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા

–પૂછનાર મળતો નથી, અને જે (પૂ. શ્રી સૌભાગ્યભાઈ) છે તેનાથી વિયોગ રહે છે, ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈપણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ.'' (પત્રાંક – ૨૪૪ – પાના નં.૨૮૪)

''....તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઈચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ? પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે, હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.'' (પત્રાંક – ૨૫૯ – પાના નં. ૨૯૩)

''આપનો સમાગમ અધિક કરીને ઈચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે, કુશળતા છે, ઈચ્છું છું.'' (પત્રાંક– ૧૩૩ – પાના નં. ૨૨૫)

''અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે. હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઈચ્છીએ છીએ.'' (પત્રાંક – ૨૫૫– પાના નં. ૨૯૦)

''ચિત્ત ઘણીવાર તમ પ્રત્યે રહ્યા કરે છે, જગતમાં બીજા પદાર્થો તો અમને કંઈ રુચિનાં કારણ રહ્યાં નથી.'' (પત્રાંક – ૩૫૭ – પાના નં. ૩૨૫)

''એક આત્મવાર્તામાં અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.'' (પત્રાંક – ૪૫૩ – પાના નં. ૩૮૭)

કૃપાળુદેવના સમાગમમાં અનેક ભક્ત રત્નો આવેલા તેમાં પૂ. શ્રી સૌભાગ્યભાઈ ભક્ત શિરોમણિ હતા તે કહેવાની ભાગ્યે જ જરૂર છે. અને તેથી કૃપાળદેવની સ્પષ્ટ આજ્ઞા અનુસાર ''શ્રી સૌભાગ્ય મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.'' એવા પ્રકારે આજ્ઞા કરી ગયા છે. તદ્‌નુસાર કૃપાળુદેવના અનુયાયી મુમુક્ષુ સમાજે તેમની મુખ્યતા કરવી ઘટે છે. આ આજ્ઞાનું ઉલ્લંઘન–અવગણના ન થવી ઘટે.

''શ્રી સુભાગ્ય પ્રેમ સમાધિ વિષે વર્તે છે.'' (પત્રાંક– ૩૦૬) કૃપાળુદેવના આ વચન અનુસાર પૂ.શ્રી સૌભાગ્યભાઈનો પ્રેમ, સાધકની સમાધિના સ્થાને હતો, તેમ સ્પષ્ટ સૂચવે છે. તે ઉપરથી પૂ. શ્રી સૌભાગ્યભાઈનું પરિણમન બોધ આપી જાય છે. કે જ્ઞાની પુરુષને ઓળખવા અને પામવા અથવા કૃપાળુદેવને ઓળખવા અને પામવા પૂ. શ્રી સૌભાગ્યભાઈ થવું જોઈએ. અને જો તેવી યોગ્યતા પ્રાપ્ત થાય તો અવશ્ય 'જ્ઞાનીની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન'ની પ્રાપ્તિ થાય.

પરમ કૃપાળુદેવના પ્રત્યક્ષ યોગે પૂ.શ્રી સૌભાગ્યભાઈના આત્મા ઉપર જે ઉપકાર થયો તે તેમના જ શબ્દોમાં નીચેના પત્રમાં પ્રસિદ્ધ થયો છે.

સાયલા–જેઠ સુદી–૧૪, રવિ – ૧૯૫૩.

પરમપુરુષ, તરણતારણ, પરમાત્મદેવ, કૃપાનાથ, બોધસ્વરૂપ, દેવાધિદેવ, મહાપ્રભુજી, સહજાત્મ સ્વરૂપ સ્વામીની સેવામાં. મુંબઈ.

શ્રી સાયલેથી લિ. આપનો આજ્ઞાંકિત સેવક પામરમાં પામર સોભાગ લલ્લુભાઈના નમસ્કાર વાંચશો.....

''.....દેહ ને આત્મા જુદો છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો. પણ દિન ૮ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી બેફાટ પ્રગટ જુદો દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે. એ આપને સહજ જણાવા લખ્યું છે.....''

ઉપરોક્ત પત્રના અનુસંધાનમાં કૃપાળુદેવના શબ્દો નીચે પ્રમાણે છે.

''......શ્રી સોભાગે દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી. આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે. શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.

શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.''

અંતમાં, શ્રી સૌભાગ્યભાઈ પ્રતિ ઉપકાર અંજલિ વ્યક્ત કરતાં અત્રે વિરામ પામીએ છીએ.

# ભયંકર અપરાધની જનની - ઈર્ષ્યાની પરિણતિ

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



**'કભી ઐસા લગતા હૈ કિ ઈસમેં સુખ હૈ કિન્તુ સહીમેં વહ સબ દુઃખરૂપ હૈ.'** ક્યારેક એવું કલ્પનાથી લાગે છે, મિથ્યા અભિપ્રાયથી લાગે છે. એક નક્કી કરી રાખ્યું છે કે આ સારું. આ સુખનું કારણ. નક્કી કરી રાખ્યું છે. બીજું કાંઈ નથી. એટલે એમ લાગે છે. વાસ્તવમાં નથી એવું. **'દેવલોકમેં સુખ હૈ ઔર નરકમેં દુઃખ હૈ. ઐસા દિખનેમેં આતા હૈ. કિંતુ દેવલોકમેં ભી અંતરમેં તો આકુલતા હૈ, ઔર આકુલતા હી દુઃખ હૈ.'** ઉપરછલ્લું છીછરું જોઈએ તો દેવો સુખી છે, નારકીઓ દુઃખી છે એમ આપણે કહીએ. ખરેખર કોઈ દેવો, સમ્યગ્દૃષ્ટિને છોડીને કોઈ દેવો સુખી નથી.

ત્યાં સગવડતાના સાધનો ઓછા છે એવું નથી. સગવડતા ભરપૂર છે, ચિક્કાર છે. શરીરમાં રોગ ન આવે, ગઢપણ ન આવે, બાળકપણું ન આવે. શરીરમાં દુર્ગંધ ન હોય. ક્યાંય અંધારું ન હોય. બધે ઝાકઝમાળ અને બધા દૈવી પુદ્ગલ પરમાણુ હોય. પુદ્ગલ પરમાણુની અવસ્થા પણ દૈવી હોય. કે બધું આમ સારું સારું લાગે જોવામાં. પછી ત્યાં દુઃખ શેનું? તો કહે ત્યાં પણ ઉપર-નીચે પુણ્યવાળા હોય છે. અને ઈર્ષ્યાની આગ બધાને અંદર સળગતી હોય. કેમકે શેરની માથે સવાશેર. અહીંયાં પૈસાવાળો માણસ એથી ઉપરવાળાને જોવે છે. કે હું આખા ગામમાં સૌથી પૈસાવાળો હોવો જોઈએ. પછી કહે કે આખા દેશમાં હોવો જોઈએ, પછી કહે કે આખી દુનિયામાં હોવો જોઈએ. અને વધારે હોય એની ઈર્ષ્યા થાય છે. વિકલ્પ ન હોય તોપણ પરિણતિ હોય છે હોં જીવની. એની પરિણતિનું દુઃખ હોય છે.

મુમુક્ષુ :- વિકલ્પ ન હોય છતાં પરિણતિનું દુઃખ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિનું એ દુઃખ હોય છે એનો એક દાખલો આપું.

કે રસ્તા ઉપર એક સાઈકલવાળા અને એક મોટરવાળાનું ઍક્સિડંટ થયું. વાંક સાઈકલવાળાનો છે. માર મોટરવાળાને પડશે. પબ્લિક કાંઈ પૂછ્યા વગર અને જોયા વગર જે મોટરવાળાએ ઍક્સિડંટ કર્યું હશે એને પીટી નાખશે. આનું શું કારણ? પાછો જે સાઈકલવાળો ભટકાણો છે એના કોઈ સગાસંબંધી નથી પાછા. છે કોઈ? નહિતર તો એમ થાય કે આ મારા છોકરાને વગાડ્યું કે મારા

સગાને વગાડ્યું. કાંઈ નહિ ને. કાંઈ ઓળખતા-પારખતા ન હોય તો મોટરવાળાને બધા મારશે કે નહિ? એ શું બતાવે છે?

મુમુક્ષુ :- ઈર્ષ્યાની પરિણતિ.

પૂજ્ય ભાઈશ્રી :- ઈર્ષ્યાની પરિણતિ બધાને ચાલતી જ હોય છે. આ ઉદય આવ્યો એટલે ઉપયોગ થયો એનો. ચાલતી જ હોય છે. કોઈનું કોઈ સારું જોઈ ન શકે. અને એ ઈર્ષ્યા કોઈને શીખડાવવી પડતી નથી. આ જીવનો બહુ મોટો અપરાધ છે. અધોગતિમાં લઈ જનારો અપરાધ છે. દેવ એકેન્દ્રિય થાય છે. દેવલોકોનું આયુષ્ય પૂરું થાય અને એકેન્દ્રિય થઈ જાય. હવે ત્યાં તો એણે કારખાના માંડ્યા નથી. ત્યાં કોઈ કતલખાનું નથી કે હિંસાના કોઈ કારખાના નથી. ધંધો-વેપાર ત્યાં કાંઈ છે નહિ. છતાં એના પરિણામ બગડવાનું કારણ શું? ઈર્ષ્યાની પરિણતિ બહુ તીવ્ર હોય છે ત્યાં. અને એની આકુળતા પણ એમને ઘણી હોય છે. એક જ્ઞાનીપુરુષ જાણે છે કે આ ઈર્ષ્યાની આકુળતા ઘણી છે આને.

મુમુક્ષુ :- ઈર્ષ્યાની આવી પરિણતિ હોય એ વખતે ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવ પરમસત્ય કહેતા હતા કે નહિ? આપણે તો ગુરુદેવને જોયા છે. એમનું જીવન જોયું છે. અને એમનો આપણે પરિચય કર્યો છે. પરમસત્ય કહેતા હતા. તોપણ દેરાવાસી, સ્થાનકવાસી અને દિગંબર ત્રણે સંપ્રદાયવાળાએ ભરપૂર વિરોધ કર્યો કે ન કર્યો? શું કરવા લ્યો કહો? કોઈના રોટલામાં વાંધો આવે એના માટે કાંઈ ગુરુદેવે પ્રયત્ન કર્યો છે? કોઈની સાથે કાંઈ ઝઘડો, તોફાન, તકરાર કાંઈ કરવા ગયા છે કોઈની સાથે? એ તો પોતાના રૂમમાં જ્ઞાન, ધ્યાન કરતા હતા અને વ્યાખ્યાન હૉલમાં આવીને વ્યાખ્યાન કરતા હતા અને પોતાના રૂમમાં બેસીને જ્ઞાન, ધ્યાન કરતા હતા. તો હજારો માણસોએ વિરોધ શું કરવા કર્યો કહો. ઈર્ષ્યા. કે આટલા બધા પૂજાય છે આ?

જો છુપા જ્ઞાની હોત ને કૃપાળુદેવ જેવા, તો એટલો વિરોધ ન થાત. પણ પ્રસિદ્ધ થયા અને એની પ્રસિદ્ધિને માન-પાન મળવા માંડ્યું. થઈ રહ્યું. માન-પાન મળ્યું એનો વિરોધ થવાનો, થવાનો ને થવાનો. ગમે તેવું ચોખ્ખું જીવન જીવે ને તોપણ વિરોધ કરે. ચોપડીઓ લખી છે. દેરાવાસી સાધુઓની ચોપડીઓ લખેલી મેં વાંચી. એ લોકોએ પુસ્તકો ભરીને અવગુણ ગાયા છે. અમારે ત્યાં ભાવનગરમાં અમુક ૧૦-૧૫ કુટુંબો શ્વેતાંબર લોકો આવતા થયા. તો કહે ઓહો..! આવું સરસ છે! અમને તો ખબર નહિ કહે. આ તો પરમસત્ય છે. સારું થયું અમે આ બાજુ આવી ગયા. નહિતર અમે તો સાવ ભટકી જાત. પણ તમારે સોનગઢ નજીક છે તો કોક દિ' આવતા હો તો. તો કહે અમારા મહારાજ અમને આવવા જ ન દે, કહે. પાલિતાણા જઈને રસ્તામાં સોનગઢ આવે તો અમારા મહારાજ ન આવવા દે. એ શું કહે કે ત્યાં નહિ જવાનું. વચ્ચે ત્યાં નહિ ઉતરવાનું.

અને અમને ભડકાવે બહુ, કહે. જુઓ કહે એમનું કપાળ કેટલું તેજ કરે છે. માથે ટાલ

હતી ને? તો કહે બદામનું તેલ રોજ વાપરે છે. રોજ માથામાં માલિશ કરાવે છે બદામના તેલનું. કોઈ દિ' આપણે જોયું છે બદામનું તેલ? પછી કહે બદામનો શીરો ખાય છે. એમનું શરીર કેવું સરસ છે જુઓ. ગુરુદેવ પુણ્યવંત હતા. અને શરીર સારું હતું. તો કહે બદામનો શીરો ખાય છે, પિસ્તાના પાપડ ખાય છે. પછી બધું સારું જ હોય ને કહે અને લાંબી લાંબી મોટરમાં બેસીને ફરે છે. મોટરવાળી એક વાત સાચી હોય બાકી પાંચ વાત ખોટી હોય એ પાંચે પાંચ ઓલી સાચી માની લે. હા ભાઈ! ભાવનગર આવે છે ત્યારે આપણે મોટી મોટરમાં એમને ફરતા જોઈએ છે. અને ગાડી લીધેલીને એ વખતે? યાત્રા વખતે. લાંબી મોટર તો એ બાજુ હોય નહિ કહે. તો કહે જુઓ લક્ઝરિયર્સ ગાડીમાં. એ જમાનામાં પચ્ચીસ હજારની આવી હતી સેકન્ડ હેન્ડ. ઈર્ષ્યા છે ને મારી નાખે. ઘણો વિરોધ થવાનું કારણ. કોઈનું કાંઈ બગાડ્યું નહોતું. પણ ઈર્ષ્યા ઘણી.

કૃપાળુદેવ થોડાક બહાર આવ્યા ખંભાતમાં તો વિરોધ થયો થોડો. કેમ? માન મળવા મંડ્યું. સમાજમાંથી માન મળે, વિરોધ કરો. આ દેવલોકમાં તો બહુ જ ઈર્ષ્યા હોય છે. ત્યાં એકલા પુણ્યના યોગ હોય અને ચડિયાતા એકબીજાથી ચડિયાતા... એક બીજાથી ચડિયાતા... એકબીજાથી ચડિયાતા... એની આકુળતા પાર વગરની થાય ત્યાં.


**'દેવલોકમેં ભી અંતરમેં તો આકુલતા હૈ, ઔર આકુલતા હી દુઃખ હૈ. મૂળ દુઃખ તો આકુલતાકા હૈ. દેવોંકો જો ભીતરમેં સંકલ્પ-વિકલ્પ હૈ વહ સબ આકુલતા-દુઃખ હૈ.'** એને સંકલ્પ-વિકલ્પ... સંકલ્પ-વિકલ્પ ચાલ્યા જ કરતા હોય. બીજું જે વધારે પુણ્યશાળી દેવ હોય ને એની અંડરમાં એને રહેવું પડે. અહીંયાં જેમ નોકરને શેઠની અંડરમાં રહેવું પડે. બોસ હોય અધિકારી એની નીચે એના માણસને રહેવું પડે. એમ ત્યાં પાછું એવું છે. એ પણ આકુળતા ઈર્ષ્યા ઊભી કરે.

એમાં એવું હોય છે કે એ વૈક્રયિક શરીર હોય અને એને જાવું હોય તો એ શરીરનું વિમાન બનાવી નાખે એનું. નથી આપડે વિમાન ચીતરતા એમાં આગળ મોઢું કરે છે? એ મૂળ દેવનું શરીર છે. આપણે અહીંયાં શું છે વિમાન હોય તો કાન ફાડી નાખે એવો અવાજ હોય. પણ હવે આપણે ગૌણ કરવું પડે પૂમડા ભરાવીને છેવટ. ત્યાં એવું નથી હોતું. મશીન-બશીન વગરના, મશીનવાળા વિમાન નથી હોતાં. એવો પુણ્યયોગ હોય છે એ શરીર વિમાન આકારે બની જાય એમાં બધા બેસીને વયા જાય. ઘરેરાટી ન બોલે એમાં કાંઈ. અહીંયાં ઈલેક્ટ્રિક જાય એટલે જનરેટરથી સગવડ ચલાવવી પડે પણ જનરેટર કાન ફાડી નાખે. હવે વાડીમાં બધા ડેકોરેશન કરે છે ને અત્યારે લગનગાળામાં. ડેકોરેશન ખુબ હોય. એ બધા આહા.. આહા.. કરે પણ આ કાન ફાટી જાય એવો અવાજ છે એનું શું પણ? કલ્પનામાં એને ગૌણ કરે આને મુખ્ય કરે બીજું કાંઈ નથી. દેવલોકમાં એવું નથી. છતાં આકુળતા ઘણી છે. ઘણી આકુળતા છે ત્યાં.

*

**(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' પ્રવચન નં-૪૧૬)**

## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ સંબંધિત હૃદયોદ્ગારો!!



આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે. (પત્રાંશ-૨૧૫)

*

અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે. (પત્રાંશ-૨૧૭)

*

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં; તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું, ન ઉદાસીન, ન અનુદ્યમી થવું; ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી અને ન મૂંઝાવું. કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું. શું થશે? એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં. અલ્પ પણ ભય રાખવો નહીં. ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે, તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે; તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે. (પત્રાંશ-૨૧૭)

*

વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈ પણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ. (પત્રાંશ-૨૪૪)

*


અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે.હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઈચ્છીએ છીએ. (પત્રાંશ-૨૫૫)

*

'જ્ઞાનધારા' સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.

તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઈચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ ?

પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે; હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે; અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું. (પત્રાંશ-૨૫૯)



## પરમ પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના દેહવિલય બાદ પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત ગુણાનુવાદ સભર પત્ર

**પત્રાંક-૭૮૩**

મુંબઈ, અસાડ સુદ ૪, રવિ, ૧૯૫૩

**શ્રી સોભાગને નમસ્કાર**

શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

સર્વ જીવ સુખને ઈચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી, તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્પુરુષના સમાગમનો લાભ પામે તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઈચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.

મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી પરમ દુર્લભ છે, એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યનના ત્રીજા અધ્યયનમાં ઉપદેશ્યું છે.

પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઈચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.


આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે; કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી-સીડી-૧૪-A



પ્રશ્ન :- પર્યાય દ્રવ્યને પહોંચે છે અને દ્રવ્ય પર્યાયને પહોંચે છે. સમજાતું નથી.

ઉત્તર :- દ્રવ્ય પર્યાયને પહોચે. દ્રવ્ય પોતે પરિણમે. પરિણમીને પર્યાયને પહોંચી જાય છે. અને પર્યાય પોતે દ્રવ્યના આશ્રયે પરિણમે છે. પર્યાય દ્રવ્યના આશ્રયે પરિણમે છે અને દ્રવ્ય પોતે પર્યાયરૂપે દ્રવ્ય પરિણમે છે. બીજું કોઈ પરિણમતું નથી. કાંઈ પર્યાય એકલી પરિણમતી નથી. પર્યાય દ્રવ્યના આશ્રયે પરિણમે છે. પર્યાય દ્રવ્યને પહોંચી જાય છે. દ્રવ્ય પર્યાયને પહોંચી જાય છે. પોતે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે દ્રવ્ય પોતે જ પરિણમે છે અને પર્યાય દ્રવ્યને આશ્રયે જ પરિણમે છે. કાંઈ છૂટા છૂટા કોઈ કટકા નથી. એવું વસ્તુનું સ્વરૂપ જ છે.

પોતે જ પરિણમનારો, પોતે જ વિભાવદશાએ પોતે જ પરિણમે, સ્વભાવ રીતે પોતે પરિણમે. પોતે પોતાના આશ્રયે પરિણમે છે. દ્રવ્ય પરને આશ્રયે કોઈ પરિણમતું નથી. પર્યાય કાંઈ છૂટી પરિણમતી નથી દ્રવ્યના આશ્રય વગરની. પોતાના આશ્રયે-દ્રવ્યના આશ્રયે પર્યાય પરિણમે છે. અને કાંઈ દ્રવ્ય કૂટસ્થ નથી કે પરિણમતું નથી. દ્રવ્ય પોતે પરિણમે છે પર્યાયરૂપે. દ્રવ્ય એવું કૂટસ્થ નથી કે એમાં પરિણામિકભાવ જ નથી. તો આ બંધ અને મોક્ષ અને એ બધું કાંઈ હોય જ નહિ જો દ્રવ્ય પરિણમતું ન હોય તો. તો આ સંસાર શેનો? આ મોક્ષની પર્યાય પ્રગટ કરવી, આ સાધના કરવી. આ ઉપદેશ ગુરુ આપે, એનો વિચાર કરીને પોતે નિર્ણય કરવો એ બધું જો દ્રવ્ય કાંઈ પરિણતું જ ન હોય તો એ બધું કોને માટે છે? એ તો બધું બહાર થાય છે. પોતામાં તો કાંઈ થાતું નથી. માટે દ્રવ્ય એ પોતે વિભાવરૂપે પરિણમે, સ્વભાવરૂપે પોતે પરિણમે. પોતે જ પરિણમે છે. બીજું કોઈ પરિણતું નથી. દ્રવ્ય પોતે જ પર્યાયને પહોંચી જાય છે અને પર્યાય દ્રવ્યના આશ્રયે જ પરિણમે છે. બધા જુદા કટકા નથી.

પ્રશ્ન :- કોઈ ઠેકાણે એમ આવે છે કે પર્યાય વિભાવ ઉપર ઉપર તરે છે. એનો અર્થ શું?

ઉત્તર :- વિભાવ અંદર પ્રવેશ નથી કરતો. વિભાવ એનો સ્વભાવ નથી. વિભાવ છે એ ચૈતન્યમાં અંદરમાં કાંઈ રાગ અને દ્વેષ એનો મૂળ સ્વભાવ નથી માટે ઉપર તરે છે. પર્યાય પોતાના પુરુષાર્થની મંદતાએ પર્યાય થાય છે. પણ અંદર એનો મૂળ સ્વભાવ નથી. જેમ સ્ફટિકનો સ્વભાવ નિર્મળ જેમ ... સ્વરૂપે સ્ફટિક નિર્મળ છે. પણ એને નિમિત્તને કારણે લાલ, પીળાને કારણે સ્ફટિક પીળું કે લાલ દેખાય તો એ બધું ઉપર ઉપર છે. એના અંતરમાં નથી. એમ આત્મામાં રાગ-દ્વેષરૂપે પરિણમે પોતે પણ એમાં નિમિત્ત, કર્મનું નિમિત્ત છે. પોતાના પુરુષાર્થની મંદતાએ પરિણમે પોતે. પણ એના મૂળની અંદર, એના મૂળસ્વભાવની અંદર એ લાલ કે પીળો કે રાગ કે દ્વેષ કે એવા સ્વભાવરૂપે પોતે પરિણમતો નથી માટે ઉપર ઉપર છે. સ્ફટિકમાં જેમ ઉપર ઉપર પરિણમે છે. પણ એ

ઉપર ઉપર છે. એ પોતામાં અંદરમાં જેમ એની સફેદાઈ જેવી તદ્ગત છે એવું આ લાલ, પીળું તદ્ગત અંતરમાં નથી. એમ..

પ્રશ્ન :- મૂળ સ્વભાવમાં નથી.

ઉત્તર :- મૂળ સ્વભાવમાં નથી. એમ આત્મા મૂળ સ્વભાવે જ્ઞાયક છે. એમાં રાગ-દ્વેષ અને બધું ઉપર-ઉપર છે. પર્યાય પોતાની થાય પણ સ્વભાવ એનો નથી. ઉપર ઉપર તરે છે.

પ્રશ્ન :- દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયરૂપે પરિણમે છે અને બીજા રૂપે નથી પરિણમતા એમાં બે દ્રવ્યની સ્વતંત્રતા આવી અને એથી મોહ, પરદ્રવ્ય પ્રત્યેનો મોહ એટલે કે એક્તાબુદ્ધિ એ તો રહેવાનો પ્રશ્ન નથી.

ઉત્તર :- એ છૂટી જાય છે.

પ્રશ્ન :- પણ પર્યાયમાં જે રાગ ઉત્પન્ન થાય છે અને એક સમયની જે પર્યાય, એમાં જે એકત્વપણું એ જાણવાથી કઈ રીતે થાય?

ઉત્તર :- એ પર્યાયમાં જે રાગાદિ થાય છે એ સમજે કે આ મારો સ્વભાવ નથી. આ તો પુરુષાર્થની મંદતાએ આ નિમિત્ત છે કર્મનું. આ મારો મૂળસ્વભાવ નથી. શુદ્ધ સ્વભાવને ઓળખે, તત્ત્વનું મૂળસ્વરૂપ ઓળખે, એનું મૂળ તત્ત્વનું સ્વરૂપ શું છે? દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે પણ આ તો વિભાવ પર્યાય મૂળસ્વરૂપ શું છે આ તત્ત્વનું. તત્ત્વના મૂળને ઓળખે તો એ રાગ-દ્વેષની એકત્વબુદ્ધિ તૂટી જાય. કે આ મારો મૂળસ્વભાવ નથી. આ સ્વભાવ તો આકુળતા અને દુઃખરૂપ છે. આ સ્વભાવ મારો નથી. જે સ્વભાવ હોય એ પોતાનો એ પોતાને ને પોતાને આકુળતા અને દુઃખરૂપ થાય. આ સ્વભાવ મારો નથી. એમ વિચાર કરે તો છૂટી જાય છે. મૂળતત્ત્વને ઓળખે તો એ પણ છૂટી જાય છે.

પ્રશ્ન :- પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મૂળ સ્વભાવને ઓળખે, ધ્રુવસ્વભાવને. તો પર્યાયની એક્તા પણ છૂટી જાય?

ઉત્તર :- પર્યાયની એક્તા છૂટી જાય છે, એકત્વબુદ્ધિ તૂટી જાય છે. પછી પુરુષાર્થની મંદતાએ ઊભું રહે એ જુદી વાત છે બાકી એને તૂટી જાય છે કે આ મારો સ્વભાવ નથી.


*

---

## પરમ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૧૩મી જન્મ જયંતિ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પરમ ઉપકારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૧૩મી જન્મ જયંતિ 'ગુરુ-ગૌરવ', સોનગઢ ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, ભાવનગર ઈત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો.

તા. ૧૯-૦૫-૨૦૨૪ ના જન્મ જયંતિ દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા તથા ભક્તિ આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક લાભ લીધેલ.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘સમ્યક્‌જ્ઞાનની પ્રવૃત્તિ’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

હું અડગ છું, કોઈથી ડગવાવાળો નથી, એવો નિશ્ચય કરીને નિર્ણયનું ફળ આનંદ આવવું જોઈએ, ત્યારે જ નિર્ણય સાચો છે. (૩૫)

*

(અશાતાના ઉદયમાં) સમ્યગ્દ્રષ્ટિને દુઃખનું વેદન થાય છે, પરંતુ પોતાના સ્વભાવની અધિકતાના વેદનમાં તે દુઃખની ગૌણતા થઈ જાય છે. જ્ઞાનમાં શાંતિના વેદનની સાથે સાથે દુઃખનું વેદન આવે છે, પરંતુ તે વેદન મુખ્ય થતું નથી. પોતાના સ્વભાવની જ જ્ઞાનીને અધિકતા રહે છે, પોતાના સ્વભાવની અધિકતા ક્યારેય છૂટતી નથી. (૫૫)

*

જ્યારે દ્રષ્ટિ પોતાના સ્વભાવમાં પ્રસરી જાય છે, ત્યારે પાંચ સમવાય પોતાના જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય છે. (૫૬)

*

શુદ્ધ જીવાસ્તિકાયની દ્રષ્ટિ વિના, શાસ્ત્રમાં જે કથન આવે છે, તેની કેટલી હદ સુધી મર્યાદા છે, તે સમજમાં આવે નહિ. અને દ્રષ્ટિ થતાં જ્ઞાનમાં સહજ જ બધી વાતો સમજમાં આવી જાય છે. (૧૬૬)

*

આપણે તો આપણા સુખધામમાં બેસી રહીએ – જામી રહીએ. બસ, આ જ એક વાત કાયમ રાખીને બીજી બીજી બધી વાત ખતાવી લ્યો. (૧૮૮)

*

દ્રષ્ટિ ખુલ્યા વિના શાસ્ત્રનો અર્થ પણ યોગ્ય રીતે ખતવી શકે નહિ. ખતવણીમાં આત્માની મુખ્યતા ક્યારે પણ ગૌણ થવી જોઈએ નહિ. અહીંની મુખ્યતા કાયમ રાખીને જ બધાં કથનોની ખતવણી કરવી જોઈએ. (૧૯૩)

*


પરિણામનું કાર્ય પરિણામ કરશે. તમે તેની દરકાર છોડો. તમે તો પોતાના નિત્યઘરમાં જ બેસી રહો. પોતાના ઘરમાં (દ્રવ્યસ્વભાવમાં) બેસે તો બધું સહજ જ સહજ છે. પરિણામનાં ચશ્માં પહેર્યાં છે, (પર્યાયમાં ‘હું પણું’ કર્યું છે) તેથી પરિણામરૂપ જ (પોતે) ભાસે છે. અપરિણામી ભાસતો નથી. (૧૯૮)

*

“હું નિષ્ક્રિય છું” આ ચશ્માં તો સદાય લગાવી જ રાખવાં જોઈએ. બીજાં ચશ્માં લગાવતી વખતે પણ આ ચશ્માં તો ચાલુ જ રહેવાં જોઈએ. તે વિના તો કાંઈ દેખાશે જ નહિ. (અહીં ‘ચશ્માં’ શબ્દ ‘દ્રષ્ટિકોણ’ના સ્થાનમાં છે.) (૨૦૫)

*

## કૃપાળુદેવ પ્રત્યે પોતાના સર્વ પરિણામોની પૂરી કિતાબ ખૂલ્લી કરી લગભગ દરરોજ પત્ર લખતા એવા સરળતાની મૂર્તિ શ્રી સોભાગભાઈ



પત્રાંક-૭

સં. ૧૯૪૯ બીજા અસાડ સુધી ૧૨, મંગળવાર

પ્રેમ પૂજ્ય તરણતારણ બોધસ્વરૂપ પરમાત્મા દેવ સાહેબજી શ્રી રાજ્યચંદ્રભાઈની ચિરંજીવી ઘણી હોજો

શ્રી મોરબીથી લી. આગનાકીત(આજ્ઞાંકિત) સેવક સોભાગનું પાએ લાગણું(પાયલાગણ) વાંચશો. આપનો કીરપા(કૃપા) પત્ર હાલમાં જરા વધારે દિવસ થયા નથી તેથી મનમાં ઉતાપી રૈયા(ઉપાધિ રહ્યા) કરે છે માટે દયા લાવી કીરપા(કૃપા) કરી કાગળ લખશો અને જે પરશનનો(પ્રશ્નનો) જવાબ માગો(માગ્યો) છે તે પણ લખશો.



કેટલીક વાત પૂછવા ઈચ્છા થાય છે, પણ પાછો જવાપ(જવાબ) આવતો નથી તેમ કાંઈ ઊપજતું નથી ને ઊપજે તેનો ખુલાશો આવે નહીં. કબીરની સાખીવાળું છે કે 'ખીલાથી વળગ્યો રહે તો વાળ વાંકો ન થાય' તો મારે એમ જ છે. આ તો જીવને આનંદ લેવા કોઈ વખત પરશન(પ્રશ્ન) ઈઆદ(યાદ) આવે તો લખું છું. તે ફક્ત જાણવા સારુ, બાકી બીજું કાંઈ નથી.જાણવું તું તે તો જાણ્યું. હવે જાણવું રહું નઈ(રહ્યું નહી) કાં તો આપ જેવાને સાક્ષાત્ જાણા છે(જાણ્યા છે) તો બીજી પરવા નથી. જેમ ગોપીયુએ(ગોપીઓએ) ઓધવજીને કઅું(કહ્યું) હતું કે, તમારા ગનાનમાં(જ્ઞાનમાં) અમે કાંઈ સમજતાં નથી ને અમારે ગનાન(જ્ઞાન) જોતું(જોઈતું) નથી તેમ છે. હવે આપની ઈચ્છા હોય તેમ કરો. ગમે તો સમાગમમાં રાખો ગમે તો દૂર રાખો પણ એક ભજન રાત દિવસ મારે તો આપનું છે. માટે કીરપા(કૃપા) કરી મારી ઈચ્છા પૂરી કરો. તેમાં તમારું કાંઈ બગડી જવાનું નથી, વધારે શું લખું. મારી વતી ચી. મનસુખની-કેશવલાલને ઘટારત કેશો. ચી. મણિલાલ સાયલેથી ગૈકાલે(ગઈકાલે) આવો છે(આવ્યો છે) હાલમાં રૂઉ(કપાસ) મણ ૨૦૦ને આસરે લીધું છે તે તોળવા સારું સાઅલેથી(સાયલેથી) તેડાવો(તેડાવ્યો) હતો તે આવો(આવ્યો) છે.

લિ. સોભાગ.

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition : **1325**
Visit us at : http://www.satshrut.org

process 9374825041